SYBCOM SEM 2

ADVANCED ACCOUNT & AUDITING -2

આંતરિક પુન:રચના (મૂડી ઘટાડાના હિસાબો)

પ્રશ્ન:૧ મૂડીઘટાડા અંગે આમનોંધ લખો.

૧. ડિરેક્ટરને મળેલી ફી રૂ. ૧૫,૦૦૦ કંપનીને પરત કરી.

૨. ડિબેન્ચર હોલ્ડરો ૧૮%ના રૂ.૧૦,૦૦,૦૦૦નાં ડિબેન્ચરો ધરાવે છે. તે ડિબેન્ચરની અંશતઃ ચુકવણી માટે પ્લાન્ટ અને યંત્ર જેની ચોપડે કિંમત રૂ. ૪,૮૦,૦૦૦ છે તે રૂ. ૬,૦૦,૦૦૦ની કિંમતે લેવા સંમત થયા.

૩. મૂડી ઘટાડાની યોજના વખતે કંપનીને રૂ. ૩૦,૦૦૦ની સંભવિત જવાબદારી ચૂકવવાની થઈ. આ રકમ કંપનીએ ડિરેક્ટરે કંપનીને ધીરેલી રૂ. ૫૦,૦૦૦ની લોનમાંથી વસૂલ કરી અને બાકીની લોનની રકમ ચુકવી આપી.

૪. પ્રેફરન્સ શેર પર રૂ. ૫૦,૦૦૦નું ડીવીડન્ડ ચૂકવવાનું બાકી છે. પ્રેફરન્સ શેરહોલ્ડરો ૬૦% રકમ જતી કરવા સંમત થયા અને બાકીની રકમ માટે રૂ. ૧૦નો એક એવા ઈક્વિટી શેર સ્વીકાર્યા.

૫. કંપનીના લેણદારો રૂ. ૧,૫૦,૦૦૦ ના હતા. તે દરેકને રૂ. ૫૦ના તેમના લેણાં પેટે રૂ. ૧૦ની મૂળ કિંમતનો શેર શેરદીઠ રૂ. ૨૫ના ભાવે આપવાનું તથા બાકીની રકમ એક વર્ષ બાદ ચૂકવવાનું નક્કી કર્યું.

૬. એક કંપની, ૩,૦૦,૦૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦નો એક એવા શેરનું રૂ. ૧ ની કિંમતમાં રૂપાંતર કરે છે. શેરહોલ્ડરોને ૮૦% શેર કંપનીને સોંપી દેવા જણાવ્યું.

૭. કંપનીને રૂ. ૭૫,૦૦૦નું સંભવિત દેવું ચૂકવવાનું છે. આ દેવાની ૫૦% રકમ કંપનીના ડિરેક્ટરે ચૂકવવાની છે, જેને માટે ડિરેક્ટરે ખાતરી આપી છે. ડિરેક્ટરે કંપનીને રૂ .૬૨૫૦૦ની લોન ધીરી છે. કંપનીએ જરૂરી રકમ ડિરેક્ટરની લોનમાંથી કાપી લઈને બાકીની રકમ ઈક્વિટી શેરમાં ચૂકવી. કંપનીએ સંભવિત દેવું ચૂકવી દીધું છે.

૮. ડિરેક્ટરોએ તેમની લેણી રકમના ૬૫ % રકમ ઈક્વિટી શેરોમાં અને ૨૦ % રોકડમાં સ્વીકારી જ અને બાકીની રૂ . ૨૬, ૨૫૦ની રકમ તેઓએ જતી કરી છે.

૯. 8% ના રૂ. 6,00,000 ના પ્રેફરન્સ શેરોનું ડિવિડન્ડ છેલ્લા બે વર્ષથી ચૂકવવાનું બાકી છે મૂડી ઘટાડાની યોજનામાં રૂ 100 ના બાકી ડિવિડન્ડ પેટે રૂ. 25 નો એક એવા ઈક્વિટી શેર ચુકતેના હિસાબે આપ્યા.

૧. સ્ટીલ લિમિટેડનું તા. ૩૧-૧૨-૨૦૨૪ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | રૂ. |
|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : રૂ. ૧૦નો એક એવા ઈક્વિટી શેર(10,00,000/10=1,00,000) | ૧૦,૦૦,૦૦૦ |
| ૧૦%ના ક્યુમ્યુલેટિવ પ્રેફરન્સ શેર્સ દરેક રૂ. ૧૦નો પૂરો ભરપાઈ (6,00,000/10=60,000) | ૬,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો: નફા-નુકસાન ખાતું | (૮,૧૦,૦૦૦ ) |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૧૦%નાં સિક્યોર્ડ ડિબેન્ચર | ૪,૦૦,૦૦૦ |
| ડિરેક્ટરની લોન | ૧,૦૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં :<br>(અ) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં : બૅન્ક ઓવરડ્રાફ્ટ | ૧,૪૦,૦૦૦ |
| (બ) વેપારી દેવાં : લેણદારો | ૨,૦૦,૦૦૦ |
| (ક) અન્ય ચાલુ દેવાં : ડિબૅન્ચર પર ચઢેલ વ્યાજ | ૨૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૧૬,૫૦,૦૦૦ |
| II. મિલકતો: | |

| | |
|---|---|
| (૧) બિનચાલુ મિલકતો:(અ) કાયમી મિલકતો:<br>(૧) દૃશ્ય મિલકતો : ફ્રિહોલ્ડ જમીન | ૪,૨૫,૦૦૦ |
| પ્લાન્ટ | ૨,૦૦,૦૦૦ |
| (૨)અદૃશ્ય મિલકતો: પાઘડી | ૯૦,૦૦૦ |
| પેટન્ટ્સ | ૭૦,૦૦૦ |
| (બ) બિનચાલુ રોકાણો | ૧,૩૦,૦૦૦ |
| (ક) અન્ય બિનચાલુ મિલકતો: પ્રાથમિક ખર્ચા | ૭૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી: સ્ટૉક | ૨,૮૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં: દેવાદારો | ૩,૮૫,૦૦૦ |
| કુલ સરવાળો | ૧૬,૫૦,૦૦૦ |

તા. ૧-૧-૨૦૨૫ના રોજ ટ્રિબ્યુનલે પુનઃરચનાની યોજના મંજૂર કરી :

(૧) દરેક પ્રેફરન્સ શેર રૂ. ૬ સુધી અને દરેક ઈક્વિટી શેર રૂ. ૮થી ઘટાડો.

(૨) રોકાણો રૂ. ૧,૬૦,૦૦૦માં વેચી દેવાં અને બેંક ઓવરડ્રાફ્ટ ચૂકવી દેવો.

(૩) કંપની સામેનો દાવો રૂ. ૫૦,૦૦૦નો ચૂકવી દેવો જે પૈકી રૂ.૪૦,૦૦૦ ડિરેક્ટરની લોનમાંથી વસૂલ લઈ બાકીની લોન રૂ. ૫૦,૦૦૦ના પૂરા ભરપાઈ ઈક્વિટી શૅર ચૂકતેના હિસાબે આપી, ચૂકવી દેવી.

(૪) લેણદારોને તેમનાં લેણાં પેટે ૮૦% રકમ (રૂ.૧૦નો પૂરા ભરપાઈ) ઈક્વિટી શૅરમાં હિસાબ ચૂકતે આપવી.

(૫) ડિબેન્ચર હોલ્ડર્સને તેમનાં પૂરાં લેણાં પેટે નવી કંપનીના ૧૨%ના ડિબેન્ચર આપવા.

(૬) પ્રેફરન્સ શૅર પર છેલ્લાં બે વર્ષના ચઢેલા ડિવિડન્ડ પેટે ૧ /૩ રકમ ચૂકતેના હિસાબે પૂરા ભરપાઈ ઈક્વિટી શેર આપી ચૂકવી દેવી.

(૭) અદૃશ્ય અને અવાસ્તવિક મિલકતો માંડી વાળવી.

મૂડી ઘટાડા અંગે જરૂરી આમનોંધ લખી મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરો

૨. સ્ટીલ લિ. નું તા. ૩૧-૩-૨૦૨૫ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | રૂ. |
|---|---|
| 1. ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળો:<br>(અ) શેરમૂડી :દરેક રૂ. ૧૦૦નો એક એવા પૂર્ણ ભરપાઈ ઈક્વિટી શૅર | ૭,૦૦,૦૦૦ |
| ૧૦%ના પ્રેફરન્સ શૅર દરેક રૂ. ૧૦૦નો એવા | ૨,૧૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો: નફા-નુકસાન ખાતું | (૧,૨૦,૦૦૦) |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૧૨%નાં ડિબેન્ચર્સ | ૨,૨૪,૦૦૦ |
| ડિરેક્ટરની લોન | ૪૨,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં | |
| (બ) વેપારી દેવાં : લેણદારો | ૨,૯૭,૨૦૦ |
| (ક) અન્ય ચાલુ દેવાં : ડિબૅન્ચર્સનું બાકી વ્યાજ | ૨૬,૮૦૦ |
| કુલ સરવાળો | ૧૩,૮૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧)બિનચાલુ મિલકતો: (અ) કાયમી મિલકતો :<br>(૧) દૃશ્ય મિલકતો :જમીન-મકાન | ૪,૨૦,૦૦૦ |
| પ્લાન્ટ-મશીનરી | ૨,૦૩,૦૦૦ |
| (૨) અદૃશ્ય મિલકતો: પાઘડી | ૧,૨૦,૦૦૦ |
| (બ) બિનચાલુ રોકાણો | ૪૯,૦૦૦ |
| (ક) અન્ય બિનચાલુ મિલકતો :પ્રાથમિક ખર્ચા | ૩૪,૫૦૦ |
| (૨) ચાલુ મિલકતો :<br>(અ) માલસામગ્રી : સ્ટૉક | ૨,૦૩,૦૦૦ |
| (બ) વેપારી લેણાં : દેવાદારો | ૧,૫૦,૫૦૦ |

| | |
|---|---|
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ : રોકડ સિલક | ૨,૦૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૧૩,૮૦,૦૦૦૦ |

મૂડી ઘટાડાની યોજના નીચે પ્રમાણે ટ્રિબ્યુનલ તરફથી મંજૂર કરવામાં આવી :

(૧) ઈક્વિટી શેર, શેરદીઠ રૂ. ૩૦થી ઘટાડવો.

(૨) પ્રેફરન્સ શૅર, શેરદીઠ રૂ. ૯૦થી ઘટાડવો.

(૩) ડિબેન્ચર્સહોલ્ડરોએ તેઓનું ચઢેલું વ્યાજ જતું કરવાનું અને પોતાની લેણી થતી રકમની અંશતઃ ચુકવણી પેટે રૂ. ૧,૧૨,૦૦૦ની ચોપડે કિંમતની જમીન-મકાન રૂ. ૧,૧૨,૦૦૦ની કિંમતે લઈ લેવાનું સ્વીકાર્યું. બાકી રકમના જમીન-મકાનની કિંમત રૂ.૩,૩૫૦000 છે.

(૪) કંપનીએ એક દાવાની ચૂકવણી કરવાની હતી. આ રકમ રૂપિયા 42,000 ડાયરેક્ટર પાસેથી લીધેલી લોનમાંથી માંડી વાળવા.

(૫) તમામ અદ્રશ્ય મિલકતો અને પ્રસારિત મહેસુલી ખર્ચો માંડી વાળવા.

તમારે આમનોંધ લખવાની છે અને મૂડી ઘટાડા પછીનું પાકું સરવૈયું તૈયાર કરવાનું છે.

૩. શાહરૂખ લિ.નાણાકીય મુશ્કેલી અનુભવે છે.તા.૩૧-૩-૨૦૨૫ ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે :

| વિગત | રૂ. |
|---|---|
| (૧)ઈક્વિટી અને જવાબદારીઓ :<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ<br>(અ) શેરમૂડી : ૩૨૦૦ ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦૦ નો | ૩,૨૦,,૦૦૦ |
| ૮%ના પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦૦નો | ૨,૪૦,૦૦૦ |
| પ્રાથમિક ખર્ચા | ૪૮,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૮૦,૦૦૦ |
| દેવાદારો | ૩૮,૭૨૦ |
| સ્ટોક | ૮,૦૦૦ |
| પાઘડી | ૨૪,૦૦૦ |
| લેણદારો | ૩૨,૦૦૦ |
| જમીન –મકાન | ૧,૨૮,૦૦૦ |
| મશીનરી | ૨,૫૬,૦૦૦ |
| નફા-નુકસાન ખાતું (ઉધાર) | ૧,૩૭,૨૮૦ |

પુનઃરચનાની નીચે મુજબની યોજના સ્વીકારવામાં અને અમલમાં મૂકવામાં આવી:

(૧) ઈક્વિટી શેર, શેરદીઠ રૂ. ૯૦ લેખે ઘટાડવો.

(૨) પ્રેફરન્સ શૅર, શેરદીઠ રૂ. ૯૦ સુધી ઘટાડવો.

(૩) ૩૧મી માર્ચ, ૨૦૨૪ થી પ્રેફરન્સ શેર પર ડીવીડન્ડ જાહેર થયું નથી અને બાકી છે. તેના પ્રત્યેક રૂ.૧૦૦ના બદલામાં માત્ર ૫૦% લેખે ભરપાઈ થયેલ એક નવો ઈક્વિટી શેર આપવો.

(૪) જે ખરેખર દેવું નથી તેવી જમા બાકીઓ અને ખરેખર લેણું નથી તેવી ઉધાર બાકીઓ અને અદ્રશ્ય મિલકતો માંડી વાળવી.

(૫) મિલકતોનું વાજબી મૂલ્ય નીચે મુજબ આંકવામાં આવ્યું:

| | |
|---|---|
| જમીન- મકાન | ૩૨,૩૨૦ |
| મશીનરી | ૯૯,૨૦૦ |

કંપનીના ચોપડે આમનોંધ લખો અને યોજના પછીનું તેનું પાકું સરવૈયું તૈયાર કરો.

૪. મોઢેરા લિમિટેડનું તા. ૩૧-૧૨-૨૦૨૫ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ હતું :

| વિગત | રૂ. |
|---|---|
| I. ઈક્વિટી અને જવાબદારીઓ:<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળોઃ | |

| | |
|---|---|
| (અ) શેરમૂડી :૪,૦૦૦ ઈક્વિટી શૅર દરેક રૂ. ૧૦૦નો પૂરો ભરાયેલ | ૪,૦૦,૦૦૦ |
| ૧,૦૦૦ ઈક્વિટી શૅર દરેક રૂ. ૧૦૦નો રૂ.૫૦ ભરપાઈ | ૫૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો : નફા-નુકસાન ખાતું | (૬,૦૦,૦૦૦) |
| રોકાણ વળતર અનામત | ૧,૫૦,૦૦૦ |
| (૨) બિનચાલુ દેવાં : (અ) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ | |
| લોન | ૬,૪૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં :<br>(અ) વેપારી દેવાં : લેણદારો (રૂ.૧૦,૦૦૦ની મિલકતો ગીરો લેણદારો સામે) | ૨,૬૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૯,૦૦,૦૦૦ |
| મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો :(અ) કાયમી મિલકતો :<br>(૧) દૃશ્ય મિલકતો :જમીન-મકાન | ૧,૦૦,૦૦૦ |
| મશીનરી | ૪,૦૦,૦૦૦ |
| ફર્નિચર | ૧૦,૦૦૦ |
| મોટરવેન | ૪૦,૦૦૦ |
| (બ) અન્ય બિન –ચાલુ રોકાણો (બજાર કિંમત-૪૦,૦૦૦) | ૫૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી : સ્ટૉક | ૧,૦૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં :દેવાદારો. | ૧,૯૦,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ: રોકડ સિલક | ૧૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૯,૦૦,૦૦૦ |

કંપનીએ મૂડી ઘટાડાની નીચેની યોજના સ્વીકારી, જે તમામ પક્ષકારોએ માન્ય રાખી:

(૧) જમીન-મકાનની વર્તમાન કિંમતમાં 150% નો વધારો કરવો.

(૨) ઈક્વિટી શેરની કિંમત રૂ . ૯૦ ઘટાડી રૂ.૧૦ કરવી પરંતુ દાર્શનિક કિંમત શેર દીઠ રૂ.૧૦૦ રાખવી. કંપનીને કાર્યશીલ મૂડી પૂરી પાડવા ઈક્વિટી શેરહોલ્ડરોએ શેર દીઠ રૂ.૫૦નો હપ્તો ભરપાઈ કર્યો.

(૩)રૂ.1,00,000ના બિનસલામત લોન તુરંત ચૂકવી દેવી .

(૪) બિનસલામત લેણદારની ૧૦% રકમ તાત્કાલિક ચૂકવી દેવી તેમજ તેઓએ તેમનાં લેણાં પેટેનાં ૨૦% જતા કર્યા.

(૫) રોકાણ વધઘટ ભંડોળની હવે જરૂરીયાત નથી, તેને નફા-નુકસાન ખાતે ફેરબદલ કરવી.

(૬) રોકાણો તેની બજાર કિંમતે દર્શાવવા.

(૭) યોજનાનાં અંતે ઉદ્ભવેલ રકમનો ઉપયોગ નફા-નુકસાન ખાતાની બાકી માંડી વાળવા કરવો.

કંપનીના ચોપડે આમનોંધ લખો અને યોજના પછીનું તેનું પાકું સરવૈયું તૈયાર કરો.

૫. તા. ૩૧-૩-૨૦૨૩ ના રોજનું નિવાના કંપની લિ.નું પાકું સરવૈયું નીચે પ્રમાણે છે.

| વિગત | રૂ. |
|---|---|
| I. ઇક્વિટી અને જવાબદારીઓ:<br>(૧) શૅરહોલ્ડરોનાં ભંડોળ:<br>(અ) શેરમૂડી : ઈક્વિટી શેર દરેક રૂ. ૧૦નો પૂર્ણ ભરપાઇ | ૨૦,૦૦,૦૦૦ |
| ૧૦%ની પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦૦નો પૂર્ણ ભરપાઇ | ૮,૦૦,૦૦૦ |
| (બ) અનામત અને વધારો : સામાન્ય અનામત | (૫,૮૦,૦૦૦) |
| (૨) બિનચાલુ દેવાં :<br>(અ) લાંબા ગાળાનાં ઉછીનાં નાણાં : ૧૨% નાં ડિબેન્ચર્સ | ૬,૦૦,૦૦૦ |
| (બ) અન્ય લાંબા ગાળાની જવાબદારીઓ: ડીરેક્ટરની લોન | ૨,૦૦,૦૦૦ |
| (૩) ચાલુ દેવાં : | |

| | |
|---|---|
| (અ) ટૂંકા ગાળાનાં ઉછીનાં નાણાં : બેંક ઓવર ડ્રાફ્ટ<br>(બ) વેપારી દેવાં : લેણદારો | ૩,૦૦,૦૦૦<br>૫,૧૮,૦૦૦ |
| (ક) અન્ય ચાલુ દેવાં : ડિબેન્ચર પર બાકી વ્યાજ | ૭૨,૦૦૦ |
| કુલ સરવાળો | ૩૯,૧૦,૦૦૦ |
| II. મિલકતો:<br>(૧) બિનચાલુ મિલકતો :(અ) કાયમી મિલકતો<br>(૧) દૃશ્ય મિલકતો : જમીન | ૮,૦૦,૦૦૦ |
| મકાન | ૬,૦૦,૦૦૦ |
| યંત્રો | ૨,૮૦,૦૦૦ |
| (૨)અદૃશ્ય મિલકતો : પાઘડી | ૬,૦૦,૦૦૦ |
| (બ) બિનચાલુ રોકાણો | ૪,૫૦,૦૦૦ |
| (ક) અન્ય બિનચાલુ મિલકતો : જાહેરાત ઝુંબેશ ખર્ચ | ૫૦,૦૦૦ |
| (૨) ચાલુ મિલકતો :(અ) માલસામગ્રી : સ્ટૉક | ૭,૨૦,૦૦૦ |
| (બ) વેપારી લેણાં :દેવાદારો | ૪,૦૦,૦૦૦ |
| (ક) રોકડ અને રોકડ સમકક્ષ: બેંક સિલક | ૧૦,૦૦૦ |
| કુલ સરવાળો | ૩૯,૧૦,૦૦૦ |

નીચે મુજબની પુનઃરચનાની યોજના સ્વીકારીને અપનાવવામાં આવી :

(૧) ) ઈક્વિટી શેરની કિંમત રૂ. ૨.૫૦ થી ઘટાડવી.

(૨) પ્રેફરન્સ શૅરહોલ્ડરોને ૧૫%ના ૬,૦૦૦ પ્રેફરન્સ શૅર દરેક રૂ.૧૦૦નો અને ૮૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ.૨.૫૦નો આપ્યા.

(૩) ડિબેન્ચરહોલ્ડરોને ૨૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ.૨.૫૦નો તેમના બાકી વ્યાજ પેટે આપવા. ડિબૅન્ચરનો વ્યાજ દર ૧૫% કરવો.સ્વીકારે છે. રૂ.૨,૦૦,૦૦૦ના ૧૫%ના ડિબેન્ચર્સ દરેક રૂ.૧૦૦નો રૂ.૯૦ લેખે આપવા.

(૪ ) ડીરેક્ટરની લોનના રૂ.૮૦,૦૦૦ માંડી વાળવા અને બાકી રકમ પેટે રૂ.૨.૫૦નો એક એવા ઈક્વિટી શેર ચૂકતે રકમ પેટે આપવા.

(૫) રોકાણો રૂ.૬,૦૦,૦૦૦ની કિમતે વેચ્યા. બેંક ઓવરડ્રાફ્ટની રકમ ચુકવી દીધી.

(૬) રૂ.૩,૧૮,૦૦૦ના લેણદારો તાત્કાલિક ચુકવી દીધા અને બાકીની રકમ ત્રિમાસિક હપ્તામાં ચૂકવશે.

(૭) અદૃશ્ય મિલકતો માંડી વાળવાની છે.

(૮) મિલકતો નીચેની નવી કિમતે ગણતરીમાં લેવી:

| મિલકતો | રકમ |
|---|---|
| દેવાદારો | ૩,૬૦,૦૦૦ |
| સ્ટોક | ૬,૪૦,૦૦૦ |
| યંત્રો | ૨,૦૦,૦૦૦ |
| મકાન | ૫,૦૦,૦૦૦ |
| જમીન | ૬,૪૦,૦૦૦ |

(૯) મૂડી ઘટાડા ખાતાની બાકી ની રકમ ઈક્વિટી શેર મૂડી માંડી વાળવા ઉપયોગમાં લેવી.

કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખો અને ઘટાડા બાદનું પાકું સરવૈયું તૈયાર કરો.